અનુસૂચિત જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતેપછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિ તથા લઘુમતિ જાતિનાં ઈસમોને સ્વરોજગારી માટે નાણાકીય સહાય અંગેની 'માનવ ગરિમા યોજના' ના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૯૯/ન.બા.૯/૧૩૮૨(૦૪)/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :–૨૮/૧૨/૨૦૦૪

**<u>વંચાણે લીધાઃ–</u>**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૯૯/ન.બા.૯/અ તા.૯/૫/૨૦૦૦

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૨૦૦૦/ ૫૮૩/ગ, તા.૬/૨/૨૦૦૪

(૩) નિયામકશ્રી વિજાકનો તા.૧/૧૨/૨૦૦૪ નો અસપત્ર ક્રમાંકઃ વિજાક/ જન/૦૪–૦૫/૬૦૩૬

**<u>ઠ રાવ</u> :–**

આમુખમાં ક્રમાંક (૧) માં દર્શાવેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯/૫/૨૦૦૦ ના ઠરાવ અન્વયે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો,વિચરતી અને વિમુક્ત જાતિ તથા લઘુમતિ જાતિના ઈસમોને સ્વરોજગારી માટે માનવ ગરીમાની યોજના નીચે નાંણાકીય લોન/સહાય ની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત રૂ.૩૦૦૦/–ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવે છે.

(૨) માનવ ગરિમા યોજનાનો અમલ હાલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા ધ્વારા કરવામાં આવે છે આ વિભાગ હસ્તકની યોજનાઓની વિગત વાર સમીક્ષા ને અંતે સદર યોજનાનો અમલ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ મારફત કરવાનુ વધારે યોગ્ય જણાતા આ યોજના તાત્કાલિક ધોરણે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને તબદિલ કરવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે.અનુસૂચિત જાતિના કિસ્સામાં પણ ઉપર ઉલ્લેખાયેલ તા.૬/૨/૨૦૦૪ ના ઠરાવથી તે મુજબ હુકમો પણ કરવામાં આવેલ છે આ બંને ખાતાઓમાં માનવ ગરિમા યોજનાનો અમલ હવે નીચે જણાવેલ વિગતે સુધારેલા સ્વરુપમાં કરવાનો રહેશે.

(૩) આ યોજના હેઠળ નીચે જણાવેલ વ્યવસાયો માટે રૂ.૩૦૦૦/- ની રોકડ સહાય મંજૂર કરવાને બદલે તેટલી રકમની કિંમતની મર્યાદામાં નાંના ધંધા માટેના ટુલ્સકીટ (સાધનો) આપવાની રહેશે. નીચે જણાવેલ ધંધાઓની યાદી ઉદાહરણરુપ છે. સ્થાનિક જરુરીયાતો ને ધ્યાને લઈને આવા અન્ય ધંધા માટે પણ ચીજ વસ્તુના રુપમાં સહાય આપી શકાશે.

(૧) સાયકલ રીપેરીંગ
(૨) મંડપ ડેકોરેટર્સ
(૩) સાવરણા બનાવવા
(૪) લુહારી કામ
(૫) દરજી કામ
(૬) સુથારી કામ
(૭) કડીયા કામ
(૮) હાથલારી
(૯) શાકભાજીની લારી
(૧૦) કાપડ ફેરીની લારી વગેરે..વગેરે

(૨) અનુસૂચિત જાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, લઘુમતિ, વિચરતી/વિમુકત જાતિઓ તથા આર્થિક પછાતવર્ગો માટે આ યોજના અંગે જે તે જિલ્લામાં લાભાર્થીની પસંદગી, ખરીદી નિરિક્ષણ તથા તેને લગતી જરુરી સઘળી આનુસાંગિક કાર્યવાહી કરવા માટે જિલ્લા કક્ષાએ નીચે જણાવ્યા પ્રમાણેની સમિતિની રચના કરવામાં આવે છે.આ સમિતિની બેઠક સ્થાનિક જરુરીયાત મુજબ મળશે.

**<u>અનુસુચિતજાતિના લાભાર્થીઓ માટેની સમિતિ</u>**

| | | |
|---|---|---|
| (૧) | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી | અધ્યક્ષ |
| (૨) | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત) | સભ્ય |
| (૩) | જિલ્લા નાયબ નિયામક,(વિ.જા)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) | સભ્ય |
| (૪) | જિલ્લા મેનેજર,ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ નિગમ | સભ્ય સચિવ |

**<u>વિકસતિ જાતિના લાભાર્થીઓ માટેની સમિતિ</u>**

| | | |
|---|---|---|
| (૧) | જિલ્લા નાયબ નિયામક (વિ.જા)/જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી (જયાં નાયબ નિયામકની ( વિ..જા) ની જગા ન હોય તેવા કિસ્સામાં ) | અધ્યક્ષ |
| (૨) | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) | સભ્ય |

(૩) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) સભ્ય સચિવ
( જે જિલ્લામાં સ.ક. અધિકારી (વિ.જા) ન
હોય ત્યાં નાયબ નિયામક (વિ.જા) નક્કી કરે
તેવા વિકસતી જાતિના સ.ક. અધિકારી)

૪. આ યોજના અનુસૂચિત જાતિના લાભાર્થીઓના કિસ્સામાં પણ ઉપર દર્શાવ્યા મુજબ સમાનપણે લાગુ પડતી હોઈ અનુસૂચિત જાતિ અંગેના તા.૬/૨/૨૦૦૪ ના ઠરાવમાં આ હુકમો મુજબ અનુરુપ સુધારો ગણીને અમલ કરવાનો રહેશે. નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા વહીવટી સંચાલક ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે તે મુજબ આ હુકમોનો અમલ કરવો.

૫. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ તથા ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે તે મુજબ દરેક જિલ્લાને યોજનાનો લક્ષ્યાંક ફાળવી આપવાનો રહેશે, અને લક્ષ્યાંક સિધ્ધ થાય તેની કાળજી લેવી.

૬. આ યોજના હેઠળની ચાલુ નાંણાકીય વર્ષ ૦૪—૦૫ ની અંદાજપત્રિય જોગવાઈ નિગમને હવાલે મુકવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાને ફાળવી આપવા અંગે ઘટતા હુકમો વિભાગની બજેટ શાખાએ કરવાના રહેશે.

૭. આ રીતે સુધારેલ આ યોજનાનો ત્વરીત અમલ થાય તે માટે નિયામકશ્રી અનસૂચિત જાતિ કલ્યાણ તથા નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ આ યોજના હેઠળ ફાળવાયેલ ગ્રાન્ટ સત્વરે સબંધ કર્તા નિગમને હવાલે મુકવાનો પ્રબંધ કરવો.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(પી.એમ.પટેલ)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

<u>નકલ રવાના:—</u>

—માન. મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
—સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
—નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
—નિયામકશ્રી, અનુસૂચિતજાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર

—૪—

—મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અંનુસૂચિતજાતિ વિકાસ નિગમ,ગાંધીનગર
—એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ/રાજકોટ.
—નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ.
—સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
—સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી
—સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા)/ સર્વેજિલ્લા
સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
—વિભાગની સર્વે શાખાઓ,
—સિલેકટ ફાઈલ,અ/ અ૧/ગ/જ/ શાખાઓ

ટીઆરવી